# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
## BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]

**પરીપત્ર**

**વિષય : યુ.જી./એલએલ.બી. સેમ.-૬ ની પરીક્ષાના, પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી શરૂ કરવા બાબત.**

આથી ઉપરોક્ત વિષયે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનોને જણાવવાનું કે, **New ERP** સોફ્ટવેર અંતર્ગત યુ.જી./એલએલ.બી. સેમ.-૬ (રેગ્યુલર) તથા Old GIPL સોફ્ટવેરના **યુ.જી./એલએલ.બી. સેમ.-૬ (રેગ્યુલર/રીપીટર) વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી New ERP સોફ્ટવેર અંતર્ગત કરવાની રહેશે. (બીડાણમાં ગાઇડલાઇન સામેલ છે.)** પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રીની તારીખ નીચે મુજબ રહેશે. નિયત સમય-મર્યાદામાં કોલેજ દ્વારા તેમના લોગીન મારફત એન્ટ્રી કરવાની રહેશે.

યુ.જી./એલએલ.બી. સેમ.-૬ (રેગ્યુલર) વિદ્યાર્થીઓની **Term Grant** કરવાની રહેશે જેમાં નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે.

College/Department Configuration ➡ Grant Admission ➡ Grant Admission of Students ➡ Click on '+'

ઉપરોક્ત સ્ટેપ્સ પૂર્ણ કરી નીચે મુજબના તબક્કાઓ પૂર્ણ કરવાના રહેશે, નીચે મુજબના તબક્કાઓ જે કોલેજ દ્વારા પૂર્ણ કરવામાં ના આવ્યા હોય તેવી કોલેજોએ વહેલી તકે પૂર્ણ કરી, નીચે મુજબની તારીખોમાં પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

| Steps | Menu Name |
|---|---|
| 1. College/Dept. Subject Mapping | College/Department Configuration |
| 2. Student Subject Mapping | Student Configuration |
| 3. Release Students Subject Selection | Student Configuration |
| 4. Add Program Term Division | Master |
| 5. Student Division Mapping | Student Configuration |
| 6. Students Roll No. Generation | Student Configuration |

- ઉપરોક્ત ૧ થી ૬ તબક્કાઓ અંગેની માર્ગદર્શિકા તેમજ પરીક્ષા ફોર્મ ભરવા તેમજ ચલણ / પરીક્ષા ફોર્મ ફી જનરેટ તેમજ પ્રિન્ટ કરવા અંગેની માર્ગદર્શિકા અગાઉ અત્રેની યુનિવર્સિટીની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે તે મુજબ રહેશે.

[પરીક્ષા ફોર્મ ફી, અત્રેની યુનિ. ના પરીપત્ર ક્માંક:બીકેએનએમયુ/પરીક્ષા/૧૮૨/૨૦૨૫, તા.૧૦/૦૨/૨૦૨૫ ધ્યાને લેવાનો રહેશે.]

**પરીક્ષા ફોર્મ ભરતી વખતે શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-૨૫ પસંદ કરવાનું રહેશે.**

| કોર્ષનું નામ | રેગ્યુલર ફી | લેઇટ ફી<br>[રેગ્યુલર ફી + ૫૦૦] | દંડાત્મક ફી<br>[રેગ્યુલર ફી + ૫૦૦ + ૧૫૦૦] |
|---|---|---|---|
| યુ.જી./એલએલ.બી. સેમ.-૬ | તા.૧૧/૦૨/૨૦૨૫<br>થી<br>તા.૨૧/૦૨/૨૦૨૫ | તા.૨૨/૦૨/૨૦૨૫<br>થી<br>તા.૨૪/૦૨/૨૦૨૫ | તા.૨૫/૦૨/૨૦૨૫ |

**ખાસ નોંધ:**

New ERP સોફ્ટવેર અંતર્ગત યુ.જી. સેમ.-૪ (NEP-2020/રીપીટર) તથા Old GIPL સોફ્ટવેરના યુ.જી. સેમ.-૪(રેગ્યુલર/રીપીટર) ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ વિદ્યાર્થી પાસેથી સ્વીકારી કોલેજે પોતાની પાસે રાખવા, અત્રેની યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવા અંગેની તારીખ જાહેર કરવામાં આવશે.

સરકારી પોલીટેક્નીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જૂનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus,
Bhakta Kavi Narsinh Mehta University Road,
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 Fax: 0285-2681503

: www.bknmu.edu.in || : exam@bknmu.edu.in

જે વિદ્યાર્થીઓ યુ.જી./એલએલ.બી. સેમ.-૫ ની અગાઉ લેવાયેલ પરીક્ષામાં નાપાસ થયેલ હોય અથવા ઓક્ટોબર-૨૦૨૪ માં લેવાયેલ રેગ્યુલર પરીક્ષામાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષાનું આયોજન કરેલ છે. ઓક્ટોબર-૨૦૨૪ માં લેવાયેલ રેગ્યુલર પરીક્ષામાં નાપાસ થયેલ હોય તેમજ પુન:મુલ્યાંકન કરાવેલ હોય તેમજ પુન:મુલ્યાંકનના પરીણામ જાહેર થયે તેમા નાપાસ થયેલ હોય તેવા યુ.જી./એલએલ.બી. સેમ.-૫ ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ વિદ્યાર્થી પાસેથી સ્વીકારી કોલેજે પોતાની પાસે રાખવા, યુ.જી./એલએલ.બી. સેમ.-૫ માં બાકી રહેલ પુન:મુલ્યાંકનના પરીણામ જાહેર થયે અત્રેની યુનિવર્સિટી દ્વારા ટૂંક સમયમાં પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવા અંગેની તારીખ જાહેર કરવામાં આવશે.

જે વિદ્યાર્થીઓને યુ.જી. અથવા પી.જી. અભ્યાસક્રમમાં અનુક્રમે ૭(સાત) અને ૫(પાંચ) વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવાના/સ્વીકારવાના રહેશે નહી. આ અંગે કોઇ શરતચુક ના રહે તે અંગેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજના આચાર્યશ્રીની રહેશે જેની સર્વે સંબંધીતોએ ખાસ નોંધ લેવી.

છેલ્લી તારીખ બાદ કરવામાં આવેલ સુધારો સોફટવેર સ્વીકારશે નહી. દંડાત્મક ફી ની તારીખ બાદ પણ જો કોઇ વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ઓનલાઇન ભરવાનું બાકી રહેલ હોય તો તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ અત્રેની યુનિવર્સિટી ખાતેથી ડબલ દંડાત્મક ફી [દંડાત્મક ફી × ૨(બે)] ભરી પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે.

રેગ્યુલર ફીની છેલ્લી તારીખ સુધીમાં ચલન જનરેટ કરવાનું રહેશે, તેવી જ રીતે લેઇટ ફી અને દંડાત્મક ફી માટે અલગ-અલગ ચલણ જનરેટ કરવાના રહેશે. જો કોઇ કોલેજ દ્વારા ઉપર મુજબ ચલન જનરેટ કરવામાં નહી આવે તો ત્યારબાદની તારીખમાં ચલન જનરેટ થશે નહી જેની ગંભીરતાથી નોંધ લેવી.

છેલ્લી તારીખ બાદ ચાલુ કામકાજના દિવસ ૨(બે)માં ફરજીયાત પણે ચેકલિસ્ટ તેમજ ચલણ, પરીક્ષા વિભાગમાં જમા કરવાનું રહેશે, જો કોલેજ દ્વારા નિયત સમયમર્યાદા બાદ પરીક્ષા ફોર્મ જમા કરવામાં આવશે તો તેવી કોલેજના બેઠક નંબર જનરેટ થશે નહી જેથી તેની સંપૂર્ણ જવાબદારી જે-તે કોલેજની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેવી. પરીક્ષા ફોર્મ ફી ફરજીયાત પણે ઓનલાઇન માધ્યમ અથવા બેંકમાં ચલણ મારફત ઓફલાઇન માધ્યમ દ્વારા જ ભરવાની રહેશે. અન્ય કોઇ પણ પ્રકારે ફીનો સ્વીકાર કરવામાં આવશે નહી તેમજ જો ઓનલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરેલ હોય તો તેના આધાર પૂરાવાની નકલ જોડવાની રહેશે અથવા જો બેંકમાં ચલણ મારફત ઓફલાઇન માધ્યમ દ્વારા ચુકવણી કરેલ હોય તો ચલણમાં ફરજીયાત પણે બેંકના સહી સિક્કા કરાવવાના રહેશે. ચલણમાં **Payment Reference Number** તેમજ ચુકવણીની તારીખ દર્શાવવી ફરજીયાત છે. જેની ખાસ નોંધ લેવી.

**ખાસ નોંધ :**

૧. દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મમાં જે વિષય દર્શાવેલ હોય તે જ વિષયની કોલેજ દ્વારા સોફટવેરમાં એન્ટ્રી કરવી.
૨. કોલેજ દ્વારા પરીક્ષા ફોર્મની એન્ટ્રી થયા બાદ ફરજીયાત વેરીફાય કરી લેવાનું રહેશે.
૩. પરીક્ષાના આવેદનપત્ર કોલેજે પોતાની પાસે રેકોર્ડમાં સાચવીને રાખવાં, જરૂર પડયે યુનિવર્સિટી દ્વારા મંગાવવામાં આવે તો રજુ કરવાનાં રહેશે.
૪. પરીક્ષા ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓના ABC ID ની ઓનલાઇન એન્ટ્રી કરવી ફરજીયાત છે. જે વિદ્યાર્થીઓના ABC ID બનાવેલ ના હોય તેવા વિદ્યાર્થીઓના ABC ID બનાવી ત્યારબાદ પરીક્ષા ફોર્મની ઓનલાઇન એન્ટ્રી કરવાની રહેશે.

ડૉ.ડી.એમ.સુખડીયા
**પરીક્ષા નિયામક**

**બીડાણ : જુના GIPL સોફ્ટવેરના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવા અંગેની માર્ગદર્શીકા**

ક્રમાંક - બીકેએનએમયુ/પરીક્ષા/૧૮૩/૨૦૨૫, તા.૧૦/૦૨/૨૦૨૫
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડિયા, જૂનાગઢ-૩૬૨ ૨૬૩
પ્રતિ, યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાઓ તેમજ વિદ્યાર્થી ભાઇઓ તથા બહેનો તરફ....

**નકલ રવાના :-**

(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી (જાણ અર્થે) (૨) આઇ.ટી. સેલ (વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)
(૩) હિસાબી શાખા. (૪) એકેડમિક વિભાગ

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ

## જુના GIPL ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવા સંબંધીત માર્ગદર્શીકા

## [New ERP સોફ્ટવેર અંતર્ગત]

## પરીક્ષા ફોર્મ ભરવા અંગે નીચે મુજબના તબક્કા/સ્ટેપ અનુસરીને ભરી શકાશે.

**માત્ર સેમ.-૫ (પૂરક) પરીક્ષા માટેનું વધારાનું સ્ટેપ**

**Extra Step :**

**College/Department Configuration ⟹ Students Configuration ⟹ Part/ATKT Student Subject Selection For Single Student**

**Academic Year :** વિદ્યાર્થીએ સેમ.-૫ ની છેલ્લે આપેલ પરીક્ષાનું વર્ષ

**Admission Year :** વિદ્યાર્થીએ પ્રવેશ મેળવેલ વર્ષ

**Subject Selection for Academic Year : 2024-25**

---

**Academic Year : 2024-25**

**Regular Steps :**

**Step-1 : Generate Provisional Exam Form**

**UMS ⟹ Pre-Examination ⟹ Generate Provisional Exam Form**

બેચ મુજબ તમામ બાકી રહેતા વિદ્યાર્થીઓનું લીસ્ટ દર્શાવેલ હશે. જે વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવાનું હોય તેની સામે ટીક માર્ક કરી ફોર્મ જનરેટ કરવાનું રહેશે.

**Step-2 : Examination Form and College Verification**

**UMS ⟹ Pre-Examination ⟹ Examination Form and College Verification**

ઉપરોક્ત સ્ટેપ-૧ મુજબ જનરેટ થયેલ વિદ્યાર્થીઓના વિષય તેમજ તેની વિગત વેરીફાય કરી તેનું પરીક્ષા ફોર્મ વેરીફાય કરવાનું રહેશે.

**Step-3 : Applicant List For Payment (Exam Activity Wise)**

**UMS ⟹ Pre-Examination ⟹ Applicant List for Payment (Exam Activity Wise)**

ઉપરોક્ત સ્ટેપ-૨ મુજબ પરીક્ષા ફોર્મ વેરીફાય કરી ત્યારબાદ ચલણ જનરેટ કરવાનું રહેશે.

---

જે વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ઉપરોક્ત મેનુમાં બતાવતા ના હોય તે કોલેજ દ્વારા વિદ્યાર્થીનું નામ, સેમેસ્ટરની વિગત, SPUID અને પરીક્ષા ફોર્મ સંબંધીત કામગીરી સંભાળતા કર્મચારીની વિગત, અત્રેની યુનિવર્સિટીના ઇ-મેઇલ આઇ.ડી. examform@bknmu.edu.in તેમજ bknmusupprt2022@gmail.com પર મોકલી આપવાની રહેશે. જેથી તે વિદ્યાર્થીઓની ક્વેરી વહેલી તકે સોલ્વ કરી શકાય.